

September 2023 | Issue No. 46 | A monthly newsletter

# Roshni

**Reaching Out to Serve Humanity with New Initiatives**

PRABHAT EDUCATION FOUNDATION

## અમારા વિશે

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન સંસ્થા કે જે 2003થી અમદાવાદના વંચિત વર્ગના વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો / વ્યક્તિઓ સાથે કાર્ય કરે છે. સંસ્થા વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો અને પુખ્તવયના લોકોના માનસિક અને શારીરિક પડકારોમાં મદદ કરે છે. સંસ્થા 3 પ્રોગ્રામ દ્વારા કાર્ય કરે છે. - પ્રભાત સેન્ટર, સમુદાય આધારિત પુનર્વસન અને એડવોકસી દ્વારા નેટવર્કીંગ

પ્રભાત એક બાળક સાથે પહેલા કામ શરુ કર્યું હતું અને આજે તેનો વિકાસ અમદાવાદમાં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા 3000થી વધુ વ્યક્તિઓ તેમજ તેમના પરિવારો, પાડોશીઓ અને સમુદાયોને સ્પર્શે છે.



**સમાનતાનું સિંચન**

## પુષ્પાબેનના જીવનમાં સ્વમાનભેર જીવન જીવવા માટે એ 'સાધન' એક માધ્યમ બન્યું.

મનથી મક્કમ વ્યક્તિને જયારે શારીરિક સ્થિતિને લીધે અન્ય પર આધારિત રહેવું પડે છે ત્યારે ચોક્કસ તેની મન:સ્થિતિ નું અનુમાન લગાવવું મુશ્કેલ બની જાય છે. એવું જ કંઇક પુષ્પાબેન સાથે બનતું હતું. આમ, તો પતિ સાથે આનંદમય જીવન જીવે છે. તેમની દિનચર્યાની વાત કરીએ તો, પતિ નોકરીએ જાય અને પુષ્પાબેન ઘરની દરેક જવાબદારી સંભાળે. બસ આમાં એક જ બાબતનો તેમને હમેશા 'રંજ'. ક્યાય બહાર જવું હોય તો પતિ પર જ આધારિત. તેમને લોકોમોટર ડિસેબીલીટી હોવાથી 'ના' છુટકે તેમને બીજા પર અમુક કામ માટે આધાર રાખવો પડતો હતો. પતિને ખુબ પ્રેમ, એટલે ક્યાય જવું પડે એવું હોય જ તો તેમને ઊંચકીને લઇ જાય. ચોક્કસ પતિનો આ પ્રેમ એમના માટે એક મજબુત પાંસુ હતું પણ ક્યાંક હદયના ખૂણે તેમને એ ખૂંચતું પણ હતું. અને તેથી જ , તેઓ લગભગ બહાર જવાનું ટાળતા. અને સ્થિતિ સાથે સમાયોજન સાધ્યું હતું. આ રીતે ચાલતી તેમની જિંદગીમાં એક એવો સુખદ વળાંક આવ્યો કે તેમની ખુશીનો પાર ન રહ્યો.કોઇ 'નિર્જીવ વસ્તુ' પણ લોકોની જિંદગીમાં આટલું સુખદ પરિણામ લાવી શકે છે એ તો તેમને સાંભળીએ તો જ ખ્યાલ આવે.





કોઇ પરિચિત દ્વારા તેમને પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન (પ્રભાત) નો સંપર્ક થયો. પ્રભાત Community Base Rehabilitation અન્વયે સમુદાયમાં વિકલાંગ વ્યક્તિ સ્વમાનભેર જીવન જીવી શકે અને આત્મનિર્ભર બને તે માટે વિવિધ ઇન્ટરવેન્શન કરી રહ્યું છે. જેના ભાગ રૂપે સાધન સહાય વિતરણ નું એક મુખ્ય પ્રવૃત્તિ સમયાંતરે કરવામાં આવે છે. કોઇ ખાનગી સંસ્થા કે સરકાર સાથે સંકલન કરીને આ કાર્યક્રમ કરવામાં આવે છે. જેમાં જે તે વ્યક્તિઓને વિકલાંગતાની સ્થિતિને હળવી કરી શકે તેવા સાધન સહાય આપવામાં આવે છે. પુષ્પાબેન સાથે પણ પ્રભાતની ટીમ સાથે આ બાબતે સંકલન થયું.

ત્યારબાદ પુષ્પાબેનને પ્રભાત સંસ્થા દ્વારા સિવિલ સર્ટીફીકેટથી લઇને એમને જરૂરી એવા સાધન સહાયની સુવિધા આપવામાં આવી. જેમાં એમને દિવ્યાંગતાને અનુરૂપ અને મદદરૂપ થાય એવી વ્હીલચેર અને બેટરીવાળી ટ્રાયસાયકલ પણ આપવામાં આવી.

આ સાધન આપ્યા બાદ હવે તેઓ ઘરનો ઉંબરો પોતાની રીતે ઓળંગી શક્યા. પોતાની નાની મોટી જરૂરિયાતો માટે કોઈની પણ મદદ વિના જાતે જઈ શકે છે. શાકભાજીની ખરીદી હોય કે અન્ય વસ્તુઓ. તેમજ કોઇ સામાજીક પ્રસંગમાં પણ જઇ શકે છે. પતિ સાથે ચોક્કસ જાય છે પણ હવે એમાં કોઈ માનસિક દબાણ નથી, સ્વમાનભેર જયારે તેઓ બહાર નીકળે છે ત્યારે તેમની આંખોમાં એ ચમક જોઈ શકાય છે. આપણે અમુક સ્થિતિને બિલકુલ દુર ન કરી શકીએ પણ તેને હળવી ચોક્કસ કરી શકીએ.

**તૈયાર કરનાર : કિશોર વાઘેલા - સ્પેશીયલ એજ્યુકેટર**

# મંથલી અપડેટ

**પેરેન્ટ્સ ઓફ પાર્ક :** વટવાનાં મહાલક્ષ્મી તળાવ મુકામે પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન અને એપ્રોચ સંસ્થાના સંયુક્ત મુકામે PARENTS OF THE PARK ' નું આયોજન કરવામાં આવ્યું.જેમાં 270 ની આસપાસ બાળકોએ હોંશભેર ભાગ લીધો હતો. જેમાં પ્રભાતના સ્પેશિયલ ચાઈલ્ડ 60 જેટલા હતા ઉપરાંત , શાળા અને સંસ્થાના 30 જેટલા પ્રતિનિધિ ઉપસ્થિત રહ્યા હતા. પાર્ક માં ડાન્સ કરતા, ક્રાફટ , દીવા પેઇન્ટિંગ અને અન્ય પ્રવત્તિઓ કરતા બાળકો નજરે આવતા હતા. આ બાળકોમાં એ જ ખાસિયત હતી સ્પેશીયલ ચાઈલ્ડ ની સાથે અન્ય પણ બાળકો જોડાઈ ગયા હતા.

એપ્રોચ સંસ્થા દ્વારા પહેલી વખત પૂર્વ વિસ્તારમાં થનાર કાર્યક્રમનો અનુભવ રોમાંચક હતો. Inclusive ની આ પ્રક્રિયા એક સમાવેશી સમાજના નિર્માણ તરફનું આ પગલું હતું.બાળકો અહી માત્ર રમવા પૂરતું નહિ પણ દરેક બાળકોને સ્વીકારવાનું મૂલ્ય વિકસિત કરી શકે એ ઉદ્દેશ્ય રહ્યો હતો

**શિક્ષક તાલીમ :** એ.બી. વિધાલયમાં 14 બાળકો સાથે દૈનિક remedial classes પ્રભાત ટીમ દ્વારા લેવામાં આવે છે. આ અન્વયે શિક્ષક સાથે learning desability (LD)ને લઈને ડો. માલવ શાહ – સાઈકોલોજીસ્ટ દ્વારા તાલીમ આપવામાં આવી હતી. જેમાં તેઓ LD સંબંધિત વિકલાંગતાને સમજે અને LD બાળકને તેઓ ઓળખી શકે. જેથી સામાન્ય વર્ગમાં જો આ બાળકો હોય તો તેને પણ remedial classes દ્વારા શીખવી શકાય. આ ઉપરાંત, LD બાળકોને અભ્યાસ કરાવવાની પદ્ધતિને લઈને પણ તેમને ઈનપુટ આપવામાં આવ્યા હતા. આ શિક્ષકોને ખુબ જ રસપ્રદ લાગ્યું હતું. અને તેઓ તાલીમ દરમ્યાન જ પોતાના વર્ગના બાળકોને ઓળખી શક્યા હતા. આ તાલીમમાં 9 શિક્ષકો સહભાગી બન્યા હતા. LD એક બીમારી છે તેવી તેમની માન્યતાને દુર કરવાની કોશિશ કરવામાં આવી હતી.

**કાંકરિયા શાળા રિસોર્સ રૂમ** : શાળા સાથે રિસોર્સ રૂમ જાણે એકીકુત થઇ રહ્યું છે. માત્ર જગ્યા નહિ પણ એકમેકને પુરક બનતા અનેક દાખલાઓ એની ખરાઈ કરી રહ્યા છે. પછી ભલે એકમ કસોટી માં બાળકોને કસોટી આપવાની વાત હોય કે રાખડી બનાવવા માટેની સંયુક્ત પ્રવૃતિ હોય. ધીરે ધીરે રિસોર્સ સેન્ટરના બાળકો અને શાળાના બાળકો એકબીજાની નજીક આવી રહ્યા છે. એક પેઢીનું મુલ્ય વર્ધક ઘડતરની આ શરૂઆત છે.

**પ્રથમ અનુભવ :** 13 બાળકોને આ વર્ષે નવા સત્રમાં પ્રવેશ મળેલ છે તે અન્વયે ૩ થી 7 ધોરણના બાળકોની અઠવાડિક એકમ કસોટીનો અનુભવ યાદગાર રહ્યો. રિસોર્સ સેન્ટરમાં તેમને રચનાત્મક પદ્ધતિ દ્વારા શિક્ષણ આપવાની પ્રક્રિયા થાય છે. જેથી તેઓ અન્ય બાળકો સાથે તાલમેલ બનાવી શકે. પરંતુ આ સાથે શાળાની થતી પ્રવૃતિઓમાં પણ બાળકો ભાગ લઇ રહ્યા છે. જેમ અઠવાડિક એકમ કસોટી આપી હતી. પ્રથમ વખત આ પ્રકારે ઔપચારિકરીતે બાળકો એક જગ્યાએ બેસીને તેમણે ભાગ લીધો હતો. આ ઘટના પ્રભાત ટીમ, બાળક અને વાલી એમ દરેક માટે યાદગાર રહી હતી.

**તહેવારોની ઉજવણી :** તહેવારો એ ખુશીને વહેંચવાનો અવસર હોય છે. અને તેથી જ પ્રભાત આ અવસરને ચૂકતું નથી. આ મહિનો તો જાણે તહેવારોનો જ બની ગયો હતો. જન્માષ્ટમી, ગણેશચતુર્થી અને ઈદ મિલાદની ઉજવણી હોંશભેર કરવામાં આવી હતી. તહેવાર મુજબ દરેક તેને અનુસંધાન પ્રવૃતિઓ કરવામાં આવી હતી. જેમાં ભાવતું ભોજન, ખુબ મસ્તી સાથે બાળકોએ આ તહેવારને માણ્યું હતું.

**સાઈકોલોજીકલ એસેસમેન્ટ :** બાળકોનું સમયાંતરે સાઈકોલોજીસ્ટ એસેસમેન્ટ થતું હોય છે. ઘણી વાર નવા બાળકો આવે એટલે પણ આ પ્રક્રિયા કરવામાં આવે છે. આ એસેસમેન્ટ ડો. કિલ્લોલ સર અને ડો. માલવ સર દ્વારા બેરલ માર્કેટ અને એ.બી. વિધાલયના કુલ્લ 40 બાળકોનું કરવામાં આવ્યું હતું. એસેસમેન્ટ બાદ, સાઈકોલોજીસ્ટ દ્વારા પ્રભાત ટીમ સાથે ચર્ચા કરવામાં આવી હતી. જેમાં બાળક પ્રમાણે તેની દવા, કોઈ સર્જરી કે અન્ય ટ્રીટમેન્ટને લઈને સુઝાવ મળ્યા હતા. આ ઉપરાંત, તેઓ વ્યક્તિગત રીપોર્ટ આપશે.

**બડી ઇન્ટરેકશન :** મુખ્ય ધારાની શાળાના બાળકો સાથે પ્રભાતના બાળકોનું ઈન્ટરેકશન થાય. બંને એકબીજાથી શીખે, સ્વીકારે અને એક સમાવેશી સમાજ તરફની દિશામાં એક ડગલું ભરાય એ ઉદેશ્યથી બડી ઈન્ટરેકશન કરવામાં આવે છે. રીવર સાઈડ શાળાના 6 ગ્રેડ ના બાળકો આખું વર્ષ નિશ્ચિત કરેલ અંતરાલ પર પ્રભાત સેન્ટરની મુલાકાત લે છે. અને વિવિધ પ્રવૃતિઓ કરે છે. પ્રભાતના બાળકો સાથે સતત સંવાદ અને મુલાકાત થી એમની વચ્ચે એક સંબંધ વિકસિત થાય છે. આ જ હેતુથી આ મહીને પણ 27 વિદ્યાર્થીઓએ પ્રભાત સેન્ટરની મુલાકાત કરી હતી. અને વિવિધ પ્રવૃતિઓ કરી હતી.

**શિક્ષક દિવસની ઉજવણી :** પ્રભાતના શિક્ષકો અને બાળકોનો આમ તો સંબંધ અદ્દભુત. તેથી જ પ્રભાતમાં શિક્ષક દિવસની ઉજવણી કોઇ તહેવારથી અહી ઓછી નથી. એ દિવસની વાત કરીએ તો, કોઈ ફીઝીયોથેરાપીસ્ટ બની પોતાના નાના નાના હાથ વડે બાળકને કસરત કરાવતા હોય તો કોઈ બાળકને પાઠ ભણાવતા નજરે પડે, સંગીતના શિક્ષક બનીને બાળગીત ગવડાવતા દેખાયા. નાના શિક્ષકોને જોઇને અન્ય બાળકો પણ આ પ્રક્રિયાને ખુબ રોમાંચ અનુભવતા હતા.

આ શિક્ષક દિવસમાં વિશેષ આકર્ષક હોય તો એક cerebral palsy (CP) બાળકને ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન બનાવવામાં આવેલ. જેમાં માતાપિતા પણ ખુબ જ ખુશ થયા. ખાસ તેના જેવો જ ડ્રેસ પણ તેમણે બાળક માટે ખરીધો. અને કહ્યું કે, અમારું બાળક આજે આટલી મોટી વ્યક્તિ બની છે તે અમારા માટે આનંદની વાત છે સાથે એ CP હોવા છતાં તે ભાગ લઇ શક્યો તેના માટે પણ અમે પ્રભાત નો આભાર માનીએ છીએ. આ સમગ્ર ઉજવણી દરમ્યાન, જયારે આ રીતે બાળકો અભિવ્યક્તિ કરે છે. તે વાલી ને તો એક ઉત્સાહ પૂરો પાડે જ છે. સાથે પ્રભાત સાથેનો સંબંધ પોતાના બાળકને એ દિવસે જોતા તેમને આનંદ થયો હતો.

**વાલીમીટીંગ :** પ્રભાતની સમયાંતરે વાલી સાથે સંવાદ કરવાની પ્રણાલી હમેશા રહી છે. જેથી તેમની સાથે સંબંધ વધારે મજબુત બને અને સાથે બાળકના પ્રગતિને લઈને અનુભવનું આદાનપ્રદાન કરી શકાય. આ જ ઉદેશ્યથી આ મહિનામાં એ.બી. વિધાલય અને બેરલ માર્કેટના વાલી સાથે મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. અનુક્રમે 11 અને 26 વાલીઓ સહભાગી બન્યા હતા. એમની સાથે રમત સાથે પ્રવૃત્તિ કરાવવામાં આવી હતી. આંખે પટ્ટો બાંધીને પોતાના બાળકોને ઓળખવાની આ પ્રવૃતિ દ્વારા વાલી માત્ર બાળકની કોઇ નિશાની નહિ પણ બાળકની હુંફ થી ઓળખે, વધુ નજીક આવે તે ઉદેશ્ય રહ્યો હતો. આ સાથે સ્પેશીયલ એજ્યુકેટરની બાળક માટેના શિક્ષણની પધ્દ્તિ કેટલી રચનાત્મકતા બની શકે છે તે વાલી અવગત થાય અને ઘરે પણ તેનો વિવિધ રીતે અમલ કરી શકે.

સિવિલ સર્ટીફીકેટ – 6 ફોર્મ , રેલ્વેપાસ ઓફ લાઇન 6 અને ઓનલાઇન 4 ફોર્મ , સ્ટેટ ટ્રાન્સપોર્ટેશન ના 7 ફોર્મ , પેન્શન યોજના અન્વયે 4 ફોર્મ

સાધન સહાય વિતરણ : અંધ અપંગ કલ્યાણ કેન્દ્રના સંકલન થી 53 વિકલાંગ વ્યક્તિઓને અલ્પાહરની કીટનું વિતરણ કરવામાં આવ્યું, **composite regional centre Ahmedabad** (CRC) ઓઢવ થી 5 બાળકોને હિયરીંગ એઇડનું વિતરણ કરવામાં આવ્યું,

# ફોટો ગેલરી






















**Prabhat Education Foundation**
325,Iscon Emporio,
Satellite, Ahmedabad,
Gujarat 380015

**Phone:** +91-79-4890-305
**Email:** prabhat@prabhatedu.org
**Website:** www.prabhateducationfoundation.org